**શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવ.(ગુજરાતી માધ્યમ / દ્વિભાષી માધ્યમ)**

**" જો મહેનત એક આદત બની જાય, તો સફળતા એક 'મુકદ્દર' બની જાય છે. "**

આત્મીય વાલી મિત્રો....... કુશળ હશો.

બાળકના સર્વાંગી વિકાસમાં આપણો હકારાત્મક અભિગમ ખૂબ મહત્ત્વનો હોય છે. બાળક અને શિક્ષક સાથેનો સુમેળ સંધાય તેમજ બાળકે શાળાએ કે ઘરે કરેલ કાર્યની નોંધ લઈ શકાય તે હેતુથી સમયાંતરે હેતુસભર વાલી શિક્ષક મિટિંગનું આયોજન થતું હોય છે,તે આપ જાણો છો. દરેક વાલી મિટિંગમાં આપના તરફથી હકારાત્મક સહકાર મળે છે અને મળતો રહેશે એવી અભ્યર્થના ...

❖ ધો.1 થી 9 ના વિદ્યાર્થીઓ માટે તા.04/11/2023 ને શનિવારના રોજ વાલી શિક્ષક મિટિંગ રહેશે. **આ મિટિંગમાં પ્રથમ સત્રાંત પરીક્ષાની ઉત્તરવહી બતાવવામાં આવશે અને પ્રથમ સત્રાંત પરીક્ષાનું પરિણામ, વર્કશીટ અને અન્ય સાહિત્ય પણ આપવામાં આવશે.**તેથી આ મિટિંગમાં આવવું ખૂબ જરૂરી છે.

☛ વાલી શિક્ષક મિટિંગના દિવસે **ધો. 3 થી 9 ના વિદ્યાર્થીઓ દ્વારા ડ્રોઈંગ ક્લબ અને ફોટો ક્લબનું પ્રદર્શન પણ રહેશે**, તો આ પ્રદર્શનની અચૂક મુલાકાત લઈને વિદ્યાર્થીઓને પ્રોસાહિત કરવા નમ્ર વિનંતી.

**વાલીશ્રી માટે 1 મિનિટ ગેમ**

વાલી શિક્ષક મિટિંગના દિવસે વાલીશ્રીઓ માટે આનંદ માટેની 1 મિનિટની રમતોનું પણ આયોજન કરેલ છે.તો જે વાલીશ્રીને અનુકૂળતા હોય તે વાલીશ્રી આ રમતનો પણ આનંદ લઈ શકે છે.

❖ તા. 04/11/2023ને શનિવારના રોજ વાલી મિટીંગમાં આવો ત્યારે જે તે ધોરણના વિદ્યાર્થી-વાલીશ્રીએ નીચે આપેલ રોલ નંબર મુજબના સમય પ્રમાણે જ આવવાનું રહેશે.

- ધો. 1 થી 9 ના રોલ નંબર 01 થી 12 ના વિદ્યાર્થીનો સમય: 08:30 am to 09:30 am
- ધો. 1 થી 9 ના રોલ નંબર 13 થી 24 ના વિદ્યાર્થીનો સમય: 09:30 am to 10:30 am
- ધો. 1 થી 9 ના રોલ નંબર 25 થી 36 ના વિદ્યાર્થીનો સમય: 10:30 am to 11:30 am
- ધો. 1 થી 9 ના રોલ નંબર 37 થી .... ના વિદ્યાર્થીનો સમય: 11:30 am to 12:30 pm

☛ ચાલુ શૈક્ષણિક વર્ષ 2023-24 ની ફી જો ભરવાની બાકી હોય તો તા. 04/11/2023 ને શનિવારના રોજ ફરજિયાત ભરવાની રહેશે.

**આચાર્યશ્રી**